અતિઅગત્યનું/તાત્કાલીક

નં.નાનિ/અજાક/વડો/પ્રે.મે.શિ/૨૦૨૪-૨૫/૮૧૬૩-૬૫
નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,
નર્મદાભવન,સી-બ્લોક,બીજે માળ, જેલરોડ,વડોદરા
તા.૦૧/૦૧/૨૦૨૫

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જુની પી.ટી.સી કોલેજ, અનાવિલ ભવનની સામે,
કારેલીબાગ,વડોદરા.
(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી,
સરદાર પટેલ ભવન, જિલ્લા પંચાયત,
રાજ મહેલ રોડ, વડોદરા
(૩) શાસનાધિકારીશ્રી,નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ,
દાંડિયાબજાર,વડોદરા

વિષય : આચાર્ય કક્ષા(શાળા)એ બાકી ધો.૧ થી ૧૦ની શિષ્યવૃતિની દરખાસ્ત મોકલવા બાબત

સંદર્ભ(૧) : અત્રેની કચેરીના પત્રક્રમાંક: નં.નાનિ/અજાક/વડો/પ્રે.મે.શિ/૨૦૨૪-૨૫/૬૮૩૬-૩૮ તા. ૦૪/૧૦/૨૦૨૪

સંદર્ભ(૨) : અત્રેની કચેરીના પત્રક્રમાંક: નં.નાનિ/અજાક/વડો/પ્રે.મે.શિ/૨૦૨૪-૨૫/૭૦૪૬-૪૮ તા. ૧૬/૧૦/૨૦૨૪

સંદર્ભ(૩) : અત્રેની કચેરીના પત્રક્રમાંક: નં.નાનિ/અજાક/વડો/પ્રે.મે.શિ/૨૦૨૪-૨૫/૭૧૦૫-૦૭ તા. ૨૧/૧૦/૨૦૨૪

સંદર્ભ(૪) : અત્રેની કચેરીના પત્રક્રમાંક: નં.નાનિ/અજાક/વડો/પ્રે.મે.શિ/૨૦૨૪-૨૫/૭૩૨૪-૨૭ તા. ૨૭/૧૧/૨૦૨૪

સંદર્ભ(૫) : અત્રેની કચેરીના પત્રક્રમાંક: નં.નાનિ/અજાક/વડો/પ્રે.મે.શિ/૨૦૨૪-૨૫/૭૬૨૮-૩૦ તા. ૦૨/૧૨/૨૦૨૪

સંદર્ભ(૬) : અત્રેની કચેરીના પત્રક્રમાંક: નં.નાનિ/અજાક/વડો/પ્રે.મે.શિ/૨૦૨૪-૨૫/ ૭૭૬૯-૭૧ તા. ૦૫/૧૨/૨૦૨૪

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે માન. નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, ગાંધીનગર દ્વારા શૈક્ષણિક વર્ષ-૨૦૨૪-૨૫ માં ડીજીટલ ગુજરાત પોર્ટલ પરથી આચાર્ય (શાળા) કક્ષાએ પડતર વિધાર્થીઓની ધોરણ ૧ થી ૧૦ શિષ્યવૃતિની વિગતો અત્રે મોકલવામાં આવેલ છે. જેમાં વડોદરા જિલ્લાનો ટાર્ગેટ ૧૩૦૬૭ ની સામે કુલ ૧૧૦૩૫ અરજીઓ અત્રેની કચેરીને મળેલ છે. જે ટાર્ગેટ સામે ૮૪.૪૫% કામગીરી થયેલ છે. સદર કામગીરી સમયમર્યાદામાં પુરી થાય તે માટે ઉક્ત સંદર્ભથી સંબધિતોને જાણ કરેલ તેમ છતાં વડોદરા જિલ્લાની કામગીરી ખુબ જ નબળી માલૂમ પડે છે. ઉક્ત બાબતે અત્રેથી ડિજીટલ ગુજરાત પોર્ટલ પર અનુસૂચિત જાતિના વિધાર્થીઓની પ્રપોઝલ બનાવેલ છે પરંતુ પ્રપોઝલ સેન્ડ કરેલ નથી અને જે વિધાર્થીઓના બેંક એકાઉન્ટ વેરીફાઇડ છે પરંતુ તેઓની પ્રપોઝલ બનાવવામાં આવેલ નથી તેવી તાલુકા વાઇઝ પડતર અરજીઓનું સોફ્ટ પત્રક આપના ઈ.મેઇલ પર મોકલી આપવામાં આવેલ છે જે પત્રકને ધ્યાને આપના તાબા હેઠળની તમામ સ્કુલોના આચાર્યશ્રીઓને પ્રપોઝલ બનાવી હાયર ઓથોરીટીને સેન્ડ કરવા સૂચના

જિ. શિ. અ. કચેરી, વડોદરા.
પત્રની નોંધણી નંબર ...4...
તારીખ 2.1.25
સહી ...

આપવા વિનંતી છે. જેથી ચાલુ વર્ષની કામગીરી સમયમર્યાદામાં પુરી કરી શકાય તેમજ શિષ્યવૃતિનુ ચૂકવણું સમયસર કરી શકાય.

વધુમાં જણાવવાનું કે વર્ષ ૨૦૨૨-૨૩ અને વર્ષ ૨૦૨૩-૨૪ પૂર્ણ થયેલ હોવા છત્તાં હજુ પણ ઘણી શાળાઓ દ્વારા અનુ.જાતિના બાળકોની ઓનલાઇન શિષ્યવૃતિની દરખાસ્તો ઓનલાઇન કરવામાં આવી નથી કે આચાર્ય કક્ષાએ પડતર રાખી મુકવામાં આવેલ હોવાની બાબતો ધ્યાને આવેલ છે. સદર બાબતે વર્ષ ૨૦૨૨-૨૩ અને ૨૩-૨૪માં જે વિદ્યાર્થી પ્રપોઝલ બનાવે છે પરંતુ સેન્ડ કરેલ નથી અને જે વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ વેરીફાઇડ છે પરંતુ તેઓની પ્રપોઝલ બનાવવામાં આવેલ નથી તેવી તાલુકા વાઈઝ પડતર અરજી પણ આ સાથે આપના ઇ.મેઇલ પર મોકલી આપવામાં આવેલ છે. ઉક્ત બાબતે સદરહું અનુ.જાતિના બાળકોની શિષ્યવૃતિની દરખાસ્તો તાત્કાલીક મોકલી આપવાની આપને તાકીદ કરવામાં આવે છે. તેમજ અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓ શિષ્યવૃતિથી વંચિત ન રહે તેમાટે આપની કક્ષાએથી સંબધિતોને કડક સૂચના આપવા તેમજ આચાર્ય કક્ષાએથી જરૂરી સમયમર્યાદામાં શિષ્યવૃતિની દરખાસ્ત મળી રહે તે માટે તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
વડોદરા

-બિડાણ:-
-આચાર્ય લેવલ પડતર અરજીઓની વિગતોની યાદી

અ.નં. ૬
જિ.શિ.અ.કચેરી, વડોદરા
તા. ૧.૧.૨૦૨૫

પ્રતિ,
આચાર્યશ્રી સબંધિત તમામ.
ઉક્ત પત્ર પ્રમાણે જરૂરી કાર્યવાહી પૂર્ણ કરવા સારૂ

જિલ્લા શિક્ષણાધિકારી
વડોદરા